અપીલ અરજી નં.૩૭૧ તા.૧–૩ –૧૧
ફોન નં. ૨૪૨૩૭૫૧/૫૧૮

અરજદારઃ – શ્રી હિતેશભાઈ એન. મહેતા
સામાવાળાઃ– એડી.સીટી ઈજનેર અને જાહેર માહિતી અધિકારી (ઉધના ઝોન)

**ફરીયાદની હકીકતઃ–**

વિષયઃ–આરટીઆઈ એકટ હેઠળ શ્રી હિતેશભાઈ એન. મહેતાની તા.૪–૧–૧૧ની તારીખ ધરાવતી પરંતુ રસીદ નં.૨૧૨૮૧૧ થી તા.૪–૨–૧૧ ના રોજ અરજી ફી ભરપાઈ કરી આપેલ અરજી થી ૨૧૨,કાશીનગર, ૧૫૪ ,કાશીનગર, પ્લોટ નં.૧૪ હરીનગર–૨, પ્લોટ નં.૨૦૩ હરીનગર–૨, અમૃતનગર હાલમાં બાંધકામ ચાલુ છે. સદર તમામ બાંધકામોની સંપુર્ણ વિગતો જેવી કે વિકાસ પરવાનગી આપવામાં આવેલ છે કે કેમ? ન આપેલ હોય તો આપના વિભાગ તરફથી કરવામાં આવેલ કાર્યવાહીની વિગત આપવી તથા કાર્યવાહી ન કરવામાં આવેલ હોય તો કારણો આપવા બાબત.

સંદર્ભઃ–અરજદાર મજકુરની તા.૧–૩–૧૧ ની **SMC/FAP/** નં.૩૭૧/૨૦૧૦–૧૧.

શ્રી હિતેશભાઈ એન. મહેતાની તા.૪–૧–૧૧ની તારીખ ધરાવતી પરંતુ રસીદ નં.૨૧૨૮૧૧ થી તા.૪–૨–૧૧ ના રોજ અરજી ફી ભરપાઈ કરી આપેલ અરજીથી ૨૧૨,કાશીનગર, ૧૫૪,કાશીનગર, પ્લોટ નં.૧૪ હરીનગર–૨, પ્લોટ નં.૨૦૩ હરીનગર–૨, અમૃતનગર હાલમાં બાંધકામ ચાલુ છે. સદર તમામ બાંધકામોની સંપુર્ણ વિગતો જેવી કે વિકાસ પરવાનગી આપવામાં આવેલ છે કે કેમ? ન આપેલ હોય તો આપના વિભાગ તરફથી કરવામાં આવેલ કાર્યવાહીની વિગત આપવી તથા કાર્યવાહી ન કરવામાં આવેલ હોય તો કારણો આપવા બાબતે કોઈ જ માહિતી ન મળવાથી નારાજ થઈ એપેલેટ ઓફિસરને તા.૧–૩–૧૧ ના રોજ અપીલ કરવામાં આવેલ છે.

જે સંદર્ભે અરજદારની અપીલ અરજીના અનુસંધાને મૂળ અરજીની નકલ,આપેલ માહિતીની નોંધ વિભાગ સહિત નકલ આપવા જોગ પૂરક માહિતીની વિગતો વિલંબ /વિસંગતતા હોય તો તેની સ્પષ્ટતાસહ પહોંચતી કરવા તથા અપીલના મુદ્દાઓ અંગે પણ તેમનો પક્ષ રજુ કરવા પત્ર નં.આરટીઆઈ સેલ/૧૩૯૧ તા.૧૦–૩–૧૧ થી એડી.સીટી ઈજનેર અને જાહેર માહિતી અધિકારી (ઉધના ઝોન)ને પત્ર પાઠવવામાં આવેલ. જેના અનુસંધાને જાહેર માહિતી અધિકારી તરફથી અત્રેના વિભાગને કોઈ પૂરક વિગતો મળેલ નથી.

અરજદારની તા.૪–૧–૧૧ ની તારીખ ધરાવતી અરજી જેની ફી રસીદ નંબર ૨૧૨૮૧૧ તા.૪–૨–૧૧ ની અરજી ફી ભરપાઈ કરી આપેલ અરજીથી ઉપરોકત વિષયમાં નિર્દિષ્ટ બાબત હેઠળની માહિતી માંગતી અરજી જાહેર માહિતી અધિકાર ઉધનાઝોનને કરવામાં આવેલ. જે બાબતે નિર્દિષ્ટ સમયગાળામાં કોઈ જ માહિતી ન મળવાના કારણે તા.૧–૩–૧૧ થી અપીલ અરજી કરેલ છે. જાહેર માહિતી અધિકારી તરફથી અરજદારને કોઈ માહિતી પૂરી પાડેલ જણાતી નથી. કે માહિતીના ઈન્કાર અંગે આરટીઆઈ એકટની કલમ–૮,૯ કે ૧૧ હેઠળ અપવાદનું કોઈ કારણ જણાવેલ નથી. જે અંગે જાહેર માહિતી અધિકારીએ અરજદારને દફતરી ઉપલબ્ધ માહિતી પૂરી પાડવાની રહે.

**હુકમ**

અરજદારની મુળ અરજી,અપીલ અરજી તેમજ ઉપલબ્ધ હકીકત ધ્યાને લેતાં નીચે મુજબનો હુકમ કરી અપીલનો નિકાલ કરવામાં આવે છે.

અરજદારની તા.૨૪–૧–૧૧ ની અરજીથી માંગેલ માહિતી જાહેર માહિતી અધિકારી તરફથી પૂરી પડાયેલ ન હોઈ માંગેલ માહિતી દફતરી હકીકત વિગતે આરટીઆઈ એકટની કલમ–૭(૬) હેઠળ વિના મૂલ્યે અત્રેની જાણ હેઠળ દિન–૭ માં અરજદારને પૂરી પાડવા એડી. સીટી ઈજનેર અને જાહેર માહિતી અધિકારી ઉધનાઝોનને જણાવવામાં આવે છે.

(પી.જે.ઝાલા)
ડે.કમિશ્નર (સ્પે.)
અને એપેલેટ ઓફિસર
સુરત મહાનગર પાલિકા

નં.આરટીઆઈસેલ/
તારીખ : –૪–૧૧

પ્રતિ,
(૧) એડી.સીટી ઈજનેર અને જાહેર માહિતી અધિકારી (ઉધનાઝોન),....જાણ તથા અમલ માટે .
(૨) શ્રી હિતેશભાઈ એન. મહેતા,